3C

(A 23) No. of printed page: 1

**SARDAR PATEL UNIVERSITY**
**BA (V Semester) (NC) Examination**
**Friday, 20 March 2015**
**10.30 am - 1.30 pm**
**UA05CGLT14-Gujarati Lit Paper 14**
અપઠિતનો અભ્યાસ (અનસીન)

**Total Marks: 70**

**સૂચના:** જમણી બાજુના દર્શાવેલ આંકડા ગુણ સૂચવે છે.

પ્ર.૧ નીચેનામાંથી **ગમે તે ત્રણનો** વિચાર-વિસ્તાર કરી સમજાવો (૨૪)

૧. હા! પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઊતર્યું છે,
પાપી તેમાં ડૂબકી દઈને પુણ્યશાળી બને છે!
૨. સિદ્ધિ તેને જઇ વરે, જે પરસેવે ન્હાય.
૩. જગની સૌ કડીઓમાં, સ્નેહની સર્વથી વડી.
૪. સૌંદર્ય શોભે છે શીલથી,ને યૌવન શોભે છે સંયમ વડે.
૫. બધું છૂપે, છૂપે નહિ નયન કયારે પ્રણયનાં!
૬. મા તે મા બીજા બધા વનવગડાના વા.

પ્ર.૨ નીચે આપેલ પરિચ્છેદનો ૧/૩ ભાગમાં સંક્ષેપ કરો. (૧૬)

અહીં મને કૃષ્ણ યાદ આવે છે એમને પણ એમ જ થયું હશે. વિશ્વ તો આવું જ છે, સફળતા મળે કે ન મળે પણ કાર્ય તો કરવું જ. કૃષ્ણે ગીતામાં આ જ વ્યથિત ઉર ઠાલવ્યું. ગાંધીજીએ ગીતામાં આ જ અનાસકિત-યોગ જોયો. છકેલ યાદવોએ દારૂ પીને ઋષિઓનું અપમાન કર્યું. દ્વારકા ઉપર પ્રલય ઊતર્યો. કૃષ્ણ દ્વારકા મૂકીને ચાલ્યા ગયા. એક ઝાડ નીચે બેઠા. પદ્માસન વાળીને-પારધી આવ્યો ગુજરાતમાંથી જ - બહારથી નથી આવ્યો. એણે જોયું,દૂર કોક બેઠું છે. એની આંખે અંધાપો આવી ગયો. ભાગવત લખે છે કે એને લાગ્યું કે કોઈ પશુ બેઠું છે, તીર માર્યું. કૃષ્ણના જમણા પગને અંગૂઠે વાગ્યું. મનુષ્યમાં રહેલા પશુને દૂર કરવા જેણે પોતાનું જીવન ખર્ચી નાખ્યું, એ જ કૃષ્ણને પશુ માની ભારત વર્ષે મારી નાંખ્યા. પાંચ હજાર વર્ષ પછી એવો જ બીજો માણસ મળ્યો. એની પણ એ જ દશા કરી. ખૂબી એ છે કે ગાંધીજી જયારે નોઆખલીમાં ગયા, મુસલમાનોની વચ્ચે, ત્યારે કેટલાક લોકોને બીક લાગેલી કે મુસલમાનોમાંથી કોઈ ઝનૂની એમને મારી નાંખશે, પણ ત્યાં કોઈ એને મારતું નથી, ગાંધીજીના સાચા જીવલેણ શત્રુઓ તો આપણે જ હતા, એમના ધર્મ-ભાઇઓ!

**અથવા**

આપણને જે જરૂરી છે તે બળની છે. તમે તમારી જાતમાં આત્મશ્રદ્ધા પ્રગટાવો. આપણે આત્મશ્રદ્ધા ખોઈ બેઠા છીએ અને તેથી જ ગુપ્તવિદ્યા,રહસ્યવિદ્યા અને એવી છાની છાની બાબતો આપણામાં ઘૂસતી આવે છે. તેમાં કદાચ સત્ય હશે, પણ એ બધી વિદ્યાઓએ આપણને લગભગ નિર્માલ્ય બનાવી દીધા છે. તમારા જ્ઞાનતંતુઓ મજબૂત બનાવો. આજે આપણને જરૂર છે લોખંડી સ્નાયુઓની અને પોલાદી જ્ઞાનતંતુઓની. ઘણા કાળ સુધી આપણે રોતલ રહયા છીએ. હવે રોવાનું છોડી દઈને તમારા પોતાના પગ પર ખડા થાઓ અને મર્દ બનો. મર્દ બનાવનારા ધર્મની આપણને જરૂર છે, મર્દ બનાવનારા સિદ્ધાંતોની આપણને જરૂર છે. સર્વ રીતે મર્દ બનાવનારા શિક્ષણની આપણને જરૂર છે. અને સાચનું પારખું આ છે : જે કાંઈ તમને શારીરિક રીતે, બૌદ્ધિક રીતે અને આધ્યાત્મિક રીતે દુર્બળ બનાવે તેને ઝેર ગણીને છોડી દો. એવી વસ્તુઓમાં જરાય પ્રાણ નથી, એ સાચું હોઈ શકે નહિ. સત્ય એટલે શકિત, સત્ય એટલે પવિત્રતા, સત્ય એટલે સર્વજ્ઞતા. સત્ય તો માણસને બળદાયક નીવડવું જોઈએ, પ્રકાશ આપનાર હોવું જોઈએ, જોમદાયક હોવું જોઈએ.

પ્ર.૩ નીચેનામાંથી **ગમે તે ચાર** છંદના બંધારણ આપી ઉદાહરણ સહિત સમજાવો. (૧૬)

૧. પૃથ્વી ૨. ઝૂલણા
૩. હરિણી ૪. શિખરિણી
૫. હરિગીત ૬. દોહરો
૭. મંદાક્રાન્તા ૮. શાર્દૂલવિક્રીડિત

પ્ર.૪ **ગમે તે બે** અલંકારની વ્યાખ્યા આપી ઉદાહરણ સહિત સમજાવો. (૧૪)

૧. ઉપમા ૨. વર્ણાનુપ્રાસ ૩. શબ્દાનુપ્રાસ ૪. ઉત્પ્રેક્ષા

☺ ☺ ☺